




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-47 ■ તા. 07-12-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવાયા

# મેડિકલથી લઈને ખાતર સુધી ભારત અને રશિયા વચ્ચે ૭ કરાર




નવી દિલ્હી,

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિને સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે ૭ મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષરની જાહેરાત કરી હતી. આ કરારોમાં પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી છે કે રશિયાના પ્રવાસીઓને ભારત મફત ઈ-ટુરિસ્ટ વિઝા આપશે જે ૩૦ દિવસ માટે માન્ય ગણાશે.

બંને દેશો વચ્ચે જે કરારો પર હસ્તાક્ષર થયા છે તેમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે

- ●કોઑપરેશન અને માઈગ્રેશન એગ્રીમેન્ટ
- ●અસ્થાયી શ્રમિક ગતિવિધિ પર કરાર
- ●હેલ્થકેર અને મેડિકલ એજ્યુકેશન પર કરાર
- ●ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ્સ પર કરાર
- ●પોલર શિપ **(Polar Ship)** પર કરાર
- ●મેરિટાઈમ કોઑપરેશન પર કરાર
- ●ફર્ટિલાઈઝર (ખાતરો) પર કરાર

ફર્ટિલાઈઝર અંગેના કરારને ભારત માટે મોટો ફાયદો માનવામાં આવે છે. આ કરાર હેઠળ, ભારત અને રશિયા સંયુક્ત રીતે યુરિયાનું ઉત્પાદન કરશે. ભારત હાલમાં રશિયા પાસેથી મોટા પાયે યુરિયાની આયાત કરે છે. સંયુક્ત ઉત્પાદન શરુ થવાથી ભારતને યુરિયાની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

ભારતીય શ્રમિકો માટે આ કરાર ખૂબ સારા સમાચાર છે. આનાથી ભારતીય શ્રમિકો વ્યવસ્થિત રીતે રશિયા મુસાફરી કરી શકશે અને વધુ સારા પગાર મેળવી શકશે. યુરોપિયન દેશોમાં નિયમો કડક થતાં આ કરાર મહત્ત્વપૂર્ણ બન્યો છે. વડાપ્રધાન મોદીએ રશિયાના લોકો માટે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી કે ભારતે રશિયનો માટે મફત ઈ-ટૂરિસ્ટ વિઝા શરુ કર્યા છે, જે ૩૦ દિવસ માટે માન્ય રહેશે. નોંધનીય છે કે, કેનેડા અને યુકે જેવા યુરોપિયન દેશોમાં વધતા કડક સ્થળાંતર નિયમો વચ્ચે આ કરાર રાહત પૂરી પાડે છે. પુતિન સાથેની બેઠકમાં યુક્રેન સંકટ પર વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે યુક્રેન મુદ્દે આપણી વચ્ચે સતત ચર્ચા થતી રહે છે. એક સાચા મિત્રના રૂપે તમે પણ તમામ ઘટનાઓથી અમને પરિચિત કર્યા. મને વિશ્વાસ છે કે વિશ્વ ફરી શાંતિના માર્ગ પર પરત ફરશે. પાછલા દિવસોમાં જ્યારે પણ મારી દુનિયાના નેતાઓ સાથે વાત થઈ ત્યારે મેં વારંવાર કહ્યું છે કે ભારત ન્યૂટ્રલ ( તટસ્થ ) નથી, ભારત શાંતિના પક્ષમાં છે. શાંતિના તમામ પ્રયાસોમાં અમે તમારી સાથે ખભેથી ખભો મિલાવીને ઊભા છીએ. વિશ્વએ કોવિડથી લઈને અત્યાર સુધી ઘણા સંકટ જોયા છે, આશા છે કે હવે પ્રગતિની રાહ પર આગળ વધશે. જેના જવાબમાં પુતિને પણ કહ્યું કે, રશિયા પણ શાંતિના જ પક્ષમાં છે. યુક્રેન સંઘર્ષ પર વાતચીત ચાલી રહી છે અને હું તમને આ વિષય અંગે સમય સમય પર અપડેટ આપતો રહીશ. પુતિન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે ૨૦૦૧માં તમે પદ સંભાળ્યું અને પહેલીવાર ભારત આવ્યા હતા, તે વાતને ૨૫ વર્ષ થઈ ગયા. તે પહેલી ભારત મુલાકાતમાં તમે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો પાયો નાંખ્યો હતો. મારા માટે પણ ખુશીની વાત છે કે તમારા અને મારા સંબંધોને પણ ૨૫ વર્ષ થયા. તમે ૨૦૦૧માં જે ભૂમિકા નિભાવી તે એક દીર્ઘદષ્ટા નેતાનું ઉત્તમ ઉદાહરણ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે. અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું. અમે નવા લોજિસ્ટિક્સ રૂટ બનાવવા અંગે પણ ચર્ચા કરી રહ્યા છીએ. હિંદ મહાસાગર માર્ગનો ઉપયોગ કરવા અંગે ચર્ચા ચાલી રહી છે. અમે મશીન ઉત્પાદનમાં સહયોગ કરવા તૈયાર છીએ. અમે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમમાં પણ સહયોગ કરવા તૈયાર છીએ, જે પીએમ નરેન્દ્ર મોદીના હૃદયની નજીક છે.

પુતિને વધુમાં જણાવ્યું કે, પીએમ મોદી અને મેં વાત કરી છે. અમે ટેલિફોન દ્વારા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનું ચાલુ રાખીએ છીએ. રશિયા અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત છે. અમારા સંબંધો આર્થિક સહિત દરેક જગ્યાએ મજબૂત થઈ રહ્યા છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, હું રશિયન પ્રતિનિધિમંડળના ઉષ્માભર્યા અને આતિથ્યપૂર્ણ સ્વાગત માટે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને અમારા બધા ભારતીય સાથીઓનો આભાર માનું છું. ગઈકાલે, પીએમ મોદીએ તેમના ઘરે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું, અને હું તે માટે તેમનો આભાર માનું છું.

પીએમ મોદીએ કહ્યું કે, દશકોથી, બંને દેશોના લોકો પરસ્પર સ્નેહ, આદર અને આત્મીયતાની ભાવના ધરાવે છે. અમે અનેક પગલાં લીધાં છે. તાજેતરમાં, બે નવા રશિયન-ભારતીય કોન્સ્યુલેટ ખોલવામાં આવ્યા છે, જે આપણી નિકટતાને મજબૂત બનાવશે. આ વર્ષે ઓક્ટોબરમાં, લાખો યાત્રાળુઓએ કાલ્મીકિયામાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોની મુલાકાત લીધી હતી. અમે રશિયન નાગરિકો માટે ૩૦-દિવસના ઈ-ટૂરિસ્ટ વિઝા અને ૩૦-દિવસના ગ્રુપ ઈ-વિઝા રજૂ કરી રહ્યા છીએ. પીએમ મોદીએ કહ્યું કે, ઊર્જા સુરક્ષા ભારત-રશિયા ભાગીદારીનો એક મજબૂત અને મહત્વપૂર્ણ આધારસ્તંભ રહ્યો છે. નાગરિક પરમાણુ ઊર્જામાં આપણો દાયકાઓ જૂનો સહયોગ આપણી સહિયારી સ્વચ્છ ઊર્જા પ્રાથમિકતાઓને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ રહ્યો છે. આપણે આ વિન-વિન સહયોગ ચાલુ રાખીશું. વિશ્વભરમાં સુરક્ષિત અને વૈવિધ્યસભર સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ ખનિજોમાં આપણો સહયોગ મહત્વપૂર્ણ છે. આ સ્વચ્છ ઊર્જા, ઉચ્ચ-ટેક ઉત્પાદન અને નવા ઉભરતા ઉદ્યોગોમાં આપણી ભાગીદારી માટે મજબૂત પાયો પૂરો પાડશે. તેમણે વધુમાં કહ્યું કે, જહાજ નિર્માણમાં આપણો ઊંડો સહયોગ મેક ઈન ઈન્ડિયાને વધુ મજબૂત બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ આપણા વિન-વિન સહયોગનું બીજું એક મહાન ઉદાહરણ છે, જે રોજગાર, કૌશલ્ય અને પ્રાદેશિક જોડાણને વેગ આપશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે રાષ્ટ્રપતિ પુતિન અને મને ભારત-રશિયા બિઝનેસ ફોરમમાં હાજરી આપવાની તક મળશે. મને વિશ્વાસ છે કે, આ ફોરમ આપણા વ્યાપાર સંબંધોને નવી ગતિ આપશે. તે નિકાસ, સહ-ઉત્પાદન અને સહ-નવીનતા માટે પણ નવા દરવાજા ખોલશે. બંને પક્ષો યુરેશિયન આર્થિક સંઘ સાથે **FTA** ના વહેલા નિષ્કર્ષ માટે પ્રયત્નશીલ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, પીએમ મોદીએ કહ્યું કે, મને આજે ૨૩મા ભારત-રશિયા સમિટમાં રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કરતાં ખૂબ આનંદ થાય છે. તેમની મુલાકાત એવા સમયે થઈ રહી છે, જ્યારે આપણા દ્વિપક્ષીય સંબંધો ઘણા ઐતિહાસિક સીમાચિહ્નો અનુભવી રહ્યા છે. છેલ્લા ૮ દાયકામાં વિશ્વએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. માનવતાએ અસંખ્ય પડકારો અને કટોકટીઓનો સામનો કર્યો છે, અને આ બધા દરમિયાન, ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારા જેવી રહી છે. પરસ્પર આદર અને ઊંડા વિશ્વાસ પર આધારિત આ સંબંધ હંમેશા સમયની કસોટી પર ખરો ઉતર્યો છે.

ભારત અને રશિયાએ મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા છે. એક લેબર એક્ટિવિટી કરાર કરવામાં આવ્યા છે, જેના હેઠળ ભારતના લોકો રશિયામાં કામ કરવા જશે. વધુમાં, આરોગ્ય, શિક્ષણ, ખાદ્ય સુરક્ષા, શિપિંગ, પરિવહન, ખાતર, કસ્ટમ બાબતો અને પોસ્ટલ સેવાઓ પર **MOU** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ૧૫ વર્ષ પહેલાં, ૨૦૧૦માં, આપણી ભાગીદારીને વિશેષ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીના દરજ્જા સુધી પહોંચાડવામાં આવી હતી. છેલ્લા અઢી દાયકાથી, તેમણે (રાષ્ટ્રપતિ પુતિન) પોતાના નેતૃત્વ અને દ્રષ્ટિકોણથી આ સંબંધને પોષ્યો છે. તેમના નેતૃત્વએ આપણા સંબંધોને સતત નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યા છે. હું મારા મિત્ર, રાષ્ટ્રપતિ પુતિનનો આ ઊંડી મિત્રતા અને ભારત પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા માટે હૃદયપૂર્વક આભાર માનું છું.

**રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે, અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું**

### દિલ્હીથી લઈને અમદાવાદ સુધી હોબાળો

# ઈન્ડિગોની ફ્લાઈટ રદ થતાં અનેક મુસાફરો અટવાયા

નવી દિલ્હી,

દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોના સંચાલનમાં સતત ચોથા દિવસે પણ વિક્ષેપો ચાલુ રહ્યા છે. અહેવાલો અનુસાર, ઈન્ડિગોએ શુક્રવારે દિલ્હી અને દેશભરના અન્ય એરપોર્ટથી ઓછામાં ઓછી ૫૫૦ ફ્લાઈટ્સ રદ કરી હતી, જેના કારણે એરપોર્ટ પર અંધાધૂંધી ફેલાઈ હતી. ઘણા મુસાફરોએ અસુવિધા અને સામાન ગુમ થવાની ફરિયાદ કરી હતી. અગાઉ, ગુરુવારે, ૫૫૦ થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. દિલ્હી એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૩૫ પ્રસ્થાન અને ૯૦ આગમન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. બેંગલુરુ એરપોર્ટથી સંચાલિત ઓછામાં ઓછી ૧૦૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે હૈદરાબાદથી ૯૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં, ચાર દિવસમાં ૧,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુંબઈ એરપોર્ટથી ત્રેપન પ્રસ્થાન અને ૫૧ આગમન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે,




જેના કારણે મુંબઈ એરપોર્ટથી રદ કરાયેલી ફ્લાઈટ્સની કુલ સંખ્યા ૧૦૪ થઈ ગઈ છે. અમદાવાદ એરપોર્ટ પર પણ ફ્લાઈટ કેન્સ થતાં મુસાફરો અટવાયા છે. અમદાવાદથી પણ ઈન્ડિગો દ્વારા સંચાલિત ઘણી ફ્લાઈટો રદ કરવામાં આવી છે. અચાનક ફ્લાઈટ રદ થતાં એરપોર્ટ પર હજારો મુસાફરો અટવાયા છે. ઈન્ડિગોની ઘણી ફ્લાઈટો કલાકો મોડી ચાલી રહી છે. આ વચ્ચે એરપોર્ટ પર મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી ઈન્ડિગોની ફ્લાઈટ સંચાલનમાં આવેલી સમસ્યાને કારણે અમદાવાદ એરપોર્ટ પર લોકોની ભીડ પણ જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ઓપરેશનલ મુશ્કેલીઓ બાદ, મુસાફરો ઈન્ડિગોથી ખૂબ જ નાખુશ છે અને એરપોર્ટ અને સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો, છેલ્લા ત્રણ દિવસથી ગંભીર ઓપરેશનલ સમસ્યાઓનો સામનો કરી રહી છે. ગુરુવારે, તેણે એક જ દિવસમાં રેકોર્ડ ૫૫૦ ફ્લાઈટ્સ રદ કરી, અને તેનું સમયપાલન પ્રદર્શન ઘટીને ૧૯.૭ ટકા થઈ ગયું. આજે, ૫ ડિસેમ્બરના રોજ, એરલાઈન્સને દેશભરમાં ૬૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. આ સંખ્યા પાછલા દિવસોની તુલનામાં એક નવો રેકોર્ડ છે, જે મુસાફરોની અગવડતાને વધુ વધારી રહી છે. રદ થવાથી પ્રભાવિત શહેરોમાં, દિલ્હીથી ૨૨૫, મુંબઈથી ૧૦૪, બેંગલુરુથી ૧૦૨, હૈદરાબાદથી ૯૨.

# ફરી એકવાર ઓલટાઈમ હાઈ ઉપર પહોંચી ચાંદી

નવી દિલ્હી,

ચાંદીના ભાવ શુક્રવારે (૫ ડિસેમ્બર) ઑલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ ઍસોસિએશન **(IBJA)** અનુસાર, ૧ કિલો ચાંદીનો ભાવ ૨૪૦૦ રૂપિયાથી તૂટીને ૧,૭૯,૦૨૫ રૂપિયા થઈ ગયો છે. આ પહેલાં ચાંદીની કિંમત ૧,૭૬,૬૨૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. વળી, ૧૦ ગ્રામ સોનું ૭૩૩ રૂપિયા મોંઘું થઈને ૧,૨૮,૫૭૮ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ પહેલા સોનું ૧,૨૭,૮૪૫ રૂપિયા હતું. ૧૭ ઑક્ટોબરે સોનાએ ૧,૩૦,૮૭૪ રૂપિયા ઑલ ટાઈમ હાઈ બનાવ્યું હતું.

**IBJA**ની સોનાની કિંમતોમાં ૩% **GST,** મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી અલગ-અલગ શહેરોના ભાવ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બૅંક સહિત અનેક બૅંક ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

વર્ષ ૨૦૨૪ની શરુઆતથી અત્યાર સુધી સોના અને ચાંદીના ભાવમાં જબરદસ્ત વધારો નોંધાયો છેઃ

સોનુંઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ. ૭૬,૧૬૨ હતો, જે હવે વધીને રૂ. ૧,૨૮,૫૭૮ થયો છે. એટલે કે, આ વર્ષે સોનાની કિંમતમાં રૂ. ૫૨,૪૧૬નો વધારો થયો છે.

ચાંદીઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧ કિલો ચાંદીની કિંમત રૂ. ૮૬,૦૧૭ હતી, જે હવે રૂ. ૧,૭૯,૦૨૫ પ્રતિ કિલો થઈ છે. એટલે કે, આ વર્ષે ચાંદીના ભાવમાં રૂ. ૯૦,૦૦૩નો વધારો થયો છે.

બજાર નિષ્ણાતોના મતે સોનાના ભાવમાં આવી રહેલી તેજી પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જવાબદાર છેઃ

કેન્દ્રીય બૅંકોની ખરીદીઃ દુનિયાભરની મોટી બૅંક ડૉલર પરની નિર્ભરતા ઘટાડવા માટે સતત પોતાના ભંડારમાં સોનાનો હિસ્સો વધારી રહી છે. જેના કારણે બજારમાં સોનાની માંગ સતત બની રહે છે અને કિંમત ઉપર જાય છે. ક્રિપ્ટોથી સોના તરફ વળ્યું રોકાણઃ ક્રિપ્ટોકરન્સીમાં થતા મોટા ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરને કારણે રોકાણકારો સોનામાં નાણાં રોકી રહ્યા છે. સાથે જ, ભારતમાં શેરબજારમાંથી ઓછું રિટર્ન મળતાં અને લગ્નની સિઝન શરુ થવાથી સોનાની માંગ પણ વધી છે.

# અમેરિકા પોતે અમારાથી ફ્યુલ ખરીદે છે તો ભારતને કેમ અધિકારી નહીં

નવી દિલ્હી,

ભારતની મુલાકાતે આવેલા રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને અમેરિકાની નીતિ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, જો રશિયન ઈંધણ અમેરિકા ખરીદી શકે, તો ભારત કેમ નહીં? તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકા ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ માટે સતત પ્રહાર કરી રહ્યું છે. જેના કારણે ભારત પર ભારે ટેરિફ પણ લગાવવામાં આવ્યો છે. એક ભારતીય મીડિયા સાથેની વાતચીતમાં પુતિને કહ્યું કે, 'અમેરિકા પોતાના ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ માટે હંમેશાથી ન્યૂક્લિયર ફ્યૂલ ખરીદવાનું શરૂ રાખે છે. એ પણ તો ઈંધણ જ છે. એનર્જી છે. આ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ માટે યૂરેનિયમ છે, જે અમેરિકામાં કામ કરે છે. જો અમેરિકા પાસે ફ્યુલ ખરીદવાનો અધિકાર છે, તો ભારતને આ અધિકારથી વંચિત કેમ રાખવામાં આવે? આ ખૂબ જ ઝીણવટથી અધ્યયન કરવા જેવો મુદ્દો છે. અમે પ્રમુખ ટ્રમ્પ સાથે આ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છીએ.'રશિયાના પ્રમુખે રશિયા પર પશ્ચિમી પ્રતિબંધોને ધ્યાને રાખીને ભારત દ્વારા ક્રૂડ ઓઈલની ખરીદી ઓછી કરવા વિશે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કહ્યું કે, 'આ વર્ષના પ્રથમ નવ મહિના દરમિયાન



કુલ વેપાર ટર્નઓવરમાં થોડો ઘટાડો થયો છે.

આ એક નાનો ફેરફાર છે. એકંદરે, અમારું વેપાર ટર્નઓવર લગભગ તેના પાછલા સ્તરે જ જળવાયેલું છે.. પુતિને આ વિશે વધુ વાત કરતા કહ્યું કે, કેટલીક વૈશ્વિક શક્તિઓ વૈશ્વિક બજારોમાં ભારતની વધતી શક્તિથી ચિંતિત છે. રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા અંગે પશ્ચિમની ચિંતાઓ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ નિર્ણય ભારતના વધતા આર્થિક પ્રભાવ અંગેની ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. બંને દેશો વચ્ચેની ઊર્જા ભાગીદારીનો પાયો લાંબો છે. ભારત સાથેના અમારા ઊર્જા સહયોગ પર વર્તમાન પરિસ્થિતિ, રાજકારણ અથવા યુક્રેનની ઘટનાઓનો કોઈ પ્રભાવ પડ્યો નથી.અમેરિકાના આક્રમક વલણ વિશેના પ્રશ્નના જવાબમાં, રશિયન પ્રમુખે કહ્યું કે, ''કેટલાક બાહ્ય દબાણ છતાં, મેં કે વડાપ્રધાન મોદીએ ક્યારેય અમારી ભાગીદારીનો ઉપયોગ કોઈની વિરુદ્ધ કામ કરવા માટે કર્યો નથી.''ડોનાલ્ડ ટ્રમ્પ વિશે વાત કરતા તેમણે કહ્યું કે, 'અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો પોતાનો એજન્ડા છે, પોતાના લક્ષ્ય છે. જોકે, અમારૂ ધ્યાન અમારા પર છે. કોઈની વિરૂદ્ધમાં નહીં. અમારૂ લક્ષ્ય પોતપોતાના હિત, ભારત રશિયાના હિતનું રક્ષણ કરવું છે.'નોંધનીય છે કે, રશિયાના પ્રમુખ પુતિનની ભારત યાત્રા એવા સમયે થઈ રહી છે. જ્યારે ભારત-અમેરિકાના સંબંધ છેલ્લા બે દાયકામાં સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે અને અમેરિકાએ ભારતીય સામાન પર ભારે ૫૦ ટકા ટેરિફ પણ લાદી દીધો છે. જેમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પર ૨૫ ટકા ટેરિફ પણ સામેલ છે.

07-12-2025_47 Jan Fariyad_P-2

જિલ્લામાં ૩૭૦ તલાટીનું મહેકમ છતાં માત્ર ૩૦૦ તલાટીઓની જ નિમણૂંક

# આણંદ જિલ્લાના ૩૦૦ તલાટી સરકારી કામ છોડીને રખડતા શ્વાન શોધવા દોડશે



આણંદ,

આણંદ જિલ્લામાં સરકારી કામ પડતું મુકીને હવે ૩૦૦ જેટલા તલાટીઓને રખડતા શ્વાન શોધવાની કામગીરી કરાવડાવશે. જિલ્લા પશુ વિભાગ મુજબ જિલ્લામાં ૨૧,૧૭૫ રખડતા શ્વાન છે, જ્યારે કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં જ ૧૮,૦૦૦ શ્વાન હોવાની માહિતી બહાર આવી છે. ત્યારે હવે સરેરાશ એક તલાટીને ૭૦ શ્વાન પાછળ દોડવું પડશે. આણંદ જિલ્લા પશુ નિયંત્રણ વિભાગ મુજબ જિલ્લાના અંદાજિત ૩૫૯ જેટલા ગામડાઓમાં ૨૧,૧૭૫ જેટલા રખડતા શ્વાન હોવાનું અને કરમસદ-આણંદ મનપાના ડેપ્યુટી કમિશનરના જણાવ્યા પ્રમાણે માત્ર મનપાના વિસ્તારમાં જ ૧૮,૦૦૦થી વધુ શ્વાન છે. જે માટે રૂપિયા ૧.૮ કરોડની રકમનું ટેન્ડર પણ આપવામાં આવ્યું છે. જિલ્લા પશુ વિભાગના આંકડા મુજબ આણંદ તાલુકામાં ૩,૬૫૦, આંકલાવ તાલુકામાં ૧,૯૦૮, બોરીઆવીમાં ૨૨૪, બોરસદમાં ૪,૩૮૫, ખંભાતમાં ૩,૧૮૮, પેટલાદમાં ૨,૫૯૯, તારાપુરમાં ૧,૬૮૭, ઉમરેઠ ૧,૮૮૫ જેટલી રખડતા શ્વાનની સંખ્યા નોંધાઈ છે. જ્યારે કરમસદ-આણંદ મહાનગરપાલિકાએ પોતાના વિસ્તારમાં ૧૮,૦૦૦થી વધુની સંખ્યા જણાવી છે. જેથી આણંદ જિલ્લામાં કેટલા રખડતાં શ્વાન છે, એની પાક્કી માહિતી જણાતી નથી. આણંદ જિલ્લા પંચાયતમાં સમાવેશ કરાયેલા અંદાજિત ૩૬૦ જેટલા ગામોમાં હાલ ૩૭૦ તલાટીઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલું છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી જિલ્લામાં માત્ર ૩૦૦ જેટલા તલાટીઓની નિમણૂંક થયેલી છે. જેથી સરેરાશ એક તલાટીને ૭૦ શ્વાન પાછળ દોડવું પડશે, તેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. જિલ્લાના પશુ નિયંત્રણ વિભાગ મુજબ, જિલ્લામાં ૨૧,૧૭૫ રખડતા શ્વાન છે. જેથી જિલ્લાના ૩૦૦ જેટલા તલાટીઓને સરેરાશ ૭૦ શ્વાન શોધવા પડશે. તેમને પકડીને ગામના શેલ્ટર હોમમાં પૂરીને ખસીકરણ, ટ્રીટમેન્ટ અને ખાવાપીવાની પણ કામગીરી પણ કરવી પડશે.

## ગામમાં જે દારૂ વેચશે કે દારૂ પીશે તેને પંચાયતની કોઈ સેવાનો લાભ મળશે નહીં



બનાસકાંઠા,

બનાસકાંઠાના પાલનપુરની છાપરા ગ્રામ પંચાયતએ દારૂબંધીને લઈને અનોખો નિર્ણય કરયો છે. ગામમાં કોઈ પણ વ્યક્તિને દારૂ ગાળવા કે દારૂ વેચવા પર પંચાયતે પ્રતિબંધ લગાવ્યો છે. જો કોઈ વ્યક્તિ દારૂ ગાળતો કે દારૂ વેચાણ કરતો ઝડપાશે તો ગ્રામપંચાયતની તમામ સેવાઓ તે વ્યક્તિ માટે બંધ કરવા માટે નિર્ણય કરાયો છે. ગામમાં દારૂની ભઠ્ઠી પણ ઝડપાશે કે કોઈ બહારથી દારૂ પીને આવશે તો તેને પણ પંચાયત દ્વારા મળતી સેવાઓ બંધ કરી દેવાનો પણ નિર્ણય કરાયો છે.

બનાસકાંઠામાં છેલ્લા ઘણા દિવસથી દારૂ ડ્રગ્સ સહિતની બદીને લઈને મામલો ગરમાયો છે. દારૂને લઈને રાજકીય પક્ષો પણ સામસામે આવ્યા છે ત્યારે દારૂ જેવા મુદ્દાઓને લઈને ગામડાઓ પણ આ બદી ને રોકવા માટે અલગ અલગ કડક નિયમો બનાવી રહ્યા છે. ત્યારે પાલનપુરની છાપરા ગ્રામ પંચાયતમાં દારૂની બદી રોકવા માટે અનોખો નિર્ણય કરાયો છે.

દારૂના કારણે છાપરા ગામમાં અનેક લોકોના ઘર બરબાદ થયા છે અને યુવાનો દારૂના લતે ચડ્યા છે. છાપરા ગ્રામ પંચાયત દ્વારા એક અનોખો નિર્ણય કરવામાં આવ્યો છે જે કોઈ વ્યકિત દારૂ પીશે તેને પંચાયતની સેવામાંથી બાકાત રાખવામાં આવશે. તેમજ ગામમાં કોઈ દારૂની ભઠ્ઠી પણ ચલાવતો હશે તેને પણ ગ્રામ પંચાયતની સેવાઓ આપવામાં નહીં આવે તેવો નિર્ણય ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે છાપરા ગામમાં દારૂના કારણે થોડા સમય અગાઉ એક યુવાનનું મોત થયું હતું. જેમાં ત્રણ બાળકોની માતા વિધવા બની હતી.

# ગુજરાતમાં માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર

ગાંધીનગર,

દરેક ક્ષેત્રમાં સતત આગળ વધી રહેલા ગુજરાતે વધુ એક સિદ્ધિ મેળવી છે. ગુજરાતની માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર થઈ ગઈ છે અને રાજ્યએ આર્થિક પ્રગતિમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. એટલું જ નહીં, સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા કવાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ગ્રોથ ૮.૨% નોંધાયો છે, જેમાં ગુજરાતનું મજબૂત પ્રદર્શન રહ્યું છે. ગુજરાતના આ સાતત્યપૂર્ણ પ્રદર્શનના કારણે જ તેણે ભારતની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે અને એટલે જ તેને ભારતનું ગ્રોથ એન્જિન કહેવાય છે.

તાજેતરના ડેટા અનુસાર ગુજરાતે છેલ્લા દાયકામાં અસાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડના કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (GSDP) સાથે, ગુજરાત હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, વૃદ્ધિને સચોટ રીતે સમજવા માટે લાંબા ગાળાના પ્રદર્શનને વાસ્તવિક દ્રષ્ટિએ એટલે કે કોન્સ્ટન્ટ પ્રાઈસિસ પર માપવામાં આવે છે. આ ફુગાવાની અસરને દૂર કરે છે અને ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિમાં વાસ્તવિક વધારો દર્શાવે છે. તેના આધારે, ૨૦૧૨-૧૩થી ૨૦૨૩-૨૪ના સમયગાળા દરમ્યાન ગુજરાતે સરેરાશ ૮.૪૨% વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે રૂ.૧૦ લાખ કરોડથી વધુની અર્થવ્યવસ્થા ધરાવતા તમામ મુખ્ય રાજ્યોમાં સૌથી વધુ છે. આ સાથે ગુજરાતે કર્ણાટક (૭.૬૯%) અને તમિલનાડુ (૬.૨૯%)ને પણ પાછળ છોડી દીધા છે. એવા સમયમાં જ્યારે મોટા અર્થતંત્રો સામાન્ય રીતે સ્ટ્રક્ચરલ સેચ્યુરેશનના કારણે ધીમા પડી જાય છે, પરંતુ ગુજરાત તેના મજબૂત ઔદ્યોગિક આધાર, રોકાણ-મૈત્રીપૂર્ણ વાતાવરણ, મજબૂત માળખાગત સુવિધાઓ અને કાર્યક્ષમ નીતિઓને કારણે ઝડપથી વિકાસ પામી રહ્યું છે. **GSDP**ના નવા આંકડાઓ એ સૂચવે છે કે, ગુજરાતની અર્થવ્યવસ્થા વિવિધ ક્ષેત્રોની મજબૂત કામગીરીના કારણે ઝડપથી બદલાઈ રહી છે. રાજ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું ૨૦૨૩-૨૪માં રૂ.૭.૪૩ લાખ કરોડનું યોગદાન રહ્યું, જે ગ્રોસ સ્ટેટ વેલ્યુ એડેડ (GSVA) નો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, કન્સ્ટ્રક્શન અને યુટિલિટી ક્ષેત્રનો ફાળો રૂ.૨.૩૧ લાખ કરોડ અને વેપાર, પરિવહન, નાણાંકીય સેવાઓ અને રિયલ એસ્ટેટ જેવા સેક્ટરનો ફાળો રૂ.૭.૮૧ લાખ કરોડ રહ્યો. તો કૃષિ, વન અને માછીમારી જેવા પરંપરાગત ક્ષેત્રોએ રૂ.૩.૬૯ લાખ કરોડનું યોગદાન આપીને રાજ્યનો સમાવેશી વિકાસ સુનિશ્ચિત કર્યો. એકંદરે, મૂળ કિંમતો પર ગુજરાતનું ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP) ૨૦૧૧-૧૨માં રૂ.૬.૧૬ લાખ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડ થયું, જે એક દાયકામાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે. ગુજરાતે આર્થિક ક્ષેત્રે નવું સીમાચિહ્ન મેળવ્યું છે અને માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર થઈ ગઈ છે.

# ૧૧-કેપિલોના સસ્પેન્સન બ્રિજ/ વેનકુંવર (૨)



૧૮૮૯માં સ્કોટિશ સિવિલ ઈજનેર અને પાર્ક કમિશનર જ્યોર્જ ગ્રાન્ટ મેકે દ્વારા બનાવવામાં આવેલો આ બ્રિજ મૂળે શણનાં દોરડાં અને દેવદારનાં પાટિયાંથી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૦૩માં વાયરના કેબલો થકી વધુ મજબૂત બનાવવામાં આવ્યો.

કેપિલોના નદી પર બાંધવામાં આવેલા આ કેપિલોના સસ્પેન્સન બ્રિજ પર પહેલું ડગલું માંડતાની સાથે ઉ્સ તો બોલાઈ જ ગયું. વળતી પળે નિર્ણય કર્યો કે, આ હાલકડોલક બ્રિજ પર આમ હાલવા અને ડોલવાની સ્થિતિમાં આગળ નહીં જ વધાય. એક તો ઊંચી ખુલ્લી જગ્યા અને નીચે દેખાતી ઊંડાઈ, બંનેનો ડર. એમાં નીચે ખળખળ વહેતી નદી ને સામે દૂર સુધી ઊંચો ને ઊંચો જતો આ બ્રિજ જોઈને હાંજા ગગડી ગયાં.

અહીં 'ડગલું ભર્યું કે ના હટવું' જેવું મનોબળ પણ નબળું પડી ગયું. પાછી ફરવા જતી હતી ને દીકરીએ આવીને હામ ભરી.

''ચલાશે મમ્મી, એક તરફનું દોરડું પકડીને, નીચે જોયા વગર સીધી નજર રાખીને સહેજ આગળ વધીશ પછી ડર નહીં લાગે.''

પાંચેક મિનિટ ચાલી ત્યાં સુધી દીકરીએ મારો હાથ પકડી રાખ્યો ત્યારે અમારાં રોલ બદલાઈ ગયા હોય એવી અનુભૂતિ થઈ. દીકરી નાની હતી ત્યારે હાથ પકડીને ચાલતા શીખવ્યું હતું એમ તે ક્ષણે દીકરી મારો હાથ પકડીને ચાલતા શીખવતી હતી.

અને પછી તો દીકરીએ આપેલી હિંમત અને વિશ્વાસ થકી કેપિલોના નદી પરનાં એ ૧૪૦ મીટર (૪૬૦ ફૂટ) લાંબા, ૭૦ મીટર (૨૩૦ ફૂટ ઊંચા) બ્રિજના એક છેડાથી બીજા છેડા સુધી ચાલવાનું સાહસ ખેડી નાખ્યું.

જોકે, આ એક લાંબો બ્રિજ ક્રોસ કર્યા પછી અંદર ઝાડ પર બાંધેલા નાના મોટા એક પણ બ્રિજ પર ચાલવાની ઈચ્છા ના થઈ.

એક વાર ઈડરિયો ગઢ જીત્યા પછી નાના નાના ગઢ સર કરવાની શી જરૂર?

પણ, ઉત્સાહી પરિવારજનોએ એ નાના મોટા બ્રિજ પર ઝૂલી ઝૂલીને ચાલી લીધું. એમનો થનગનાટ જોઈને લાગ્યું કે મઝા જ આવી હશે.

અહીં અમારા લકઝરી કોચના ડ્રાઈવર જ્હોનનો વિશેષ અને વિશિષ્ટ પરિચય થયો. ક્રૂઝ દરમ્યાન જ્યાં જ્યાં જેટલી ટુર લીધી એના ડ્રાઈવર કમ ગાઈડ પંચાવન -પાંસઠની ઉંમરે પહોંચેલા હતા. વયસ્ક હોવાના લીધે બસમાં જે સિનિયર સિટીઝન હોય એમની શારીરિક ક્ષમતાનું ધ્યાન રાખીને પૂરતો સમય અને સગવડ આપવાનો તેઓ પૂરેપૂરો પ્રયાસ કરતા.

વેનકુંવરના આ છોકરડા જેવા લાગતા લકઝરી કોચ ડ્રાઈવરની ઉંમર માંડ ત્રીસ-બત્રીસની હશે. એને અને એની સ્ફૂર્તિને જોઈને એનો સ્વભાવ અલગ હશે એવું લાગતું હતું.

જ્યારે અમે કેપિલોના સસ્પેન્સન બ્રિજ પર પહોંચ્યા ત્યારે લકઝરી પાર્કિંગથી બ્રિજ સુધી પહોંચવાનો રસ્તો થોડો લાંબો હતો. અહીં સસ્પેન્સન બ્રિજ પર ફરવા માટે લગભગ બે કલાકનો સમય હતો. અમારા કોચમાં જે સિનિયર સિટીઝન હતા એમની ઝડપથી ચાલી શકે એવી શારીરિક ક્ષમતા નહોતી. એમની ઝડપે ચાલવામાં સસ્પેન્સન બ્રિજ સુધી પહોંચતા ઓછામાં ઓછી પંદરેક મિનિટ થઈ જાય એમ હતી. સમય સાચવવા એક એક મિનિટ મહત્વની હતી.

હવે? એમની સાથે અમારામાંથી કોઈ એકે તો રહેવું જ પડે, પણ ત્યારે જ્હોને એમને સાચવી લીધા. અમને આગળ વધવા કહીને જ્હોન એમની સાથે એમની ગતિએ ચાલીને ત્યાંના વિઝિટર સુધી લઈ ગયા પછી વિઝિટર સેન્ટરની અંદર ફેરવીને બહાર સસ્પેન્સન બ્રિજ દેખાય એવી સરસ આરામદાયક જગ્યા જોઈને બેસાડ્યા.

અહીં હંમેશાં જાહેર સ્થળોએ પણ સિનિયર સિટીઝનનું માન અને એમની સગવડ સચવાય એટલું ધ્યાન રાખવાનું સૌજન્ય સૌમાં છે. જ્હોનના એ સૌજન્યથી એના પ્રત્યેનું અમારું માન ખૂબ વધી ગયું. આજે અને હંમેશાં જ્હોન એના એ સૌજન્ય માટે યાદ રહેશે.

ટુરમાં દરેક સ્થળે ફરવાનો સમય લગભગ નિશ્ચિત કરેલો હોય જેથી ટુરના નિર્ધારિત અન્ય સ્થળો જોવાઈ જાય.

કેપિલાનો સસ્પેન્સન બ્રિજ પર લગભગ બે કલાકનો સમય મળ્યો. સસ્પેન્સન બ્રિજ પર ઝોલા અને ઝૂલા ખાઈને પરત થયા પછી ત્યાં વિઝિટર સેન્ટર પર હળવો નાસ્તો, કોફી અને હોટ ચોકલેટ મિલ્કને ન્યાય આપીને અન્ય નિર્ધારિત લક્ષ્ય તરફ જવા બસમાં ગોઠવાયા.

હવેની અમારી મુલાકાત હતી - **'Vancouver Lokoout Tower'**ની.

એની વાત આવતા અંકે.



આલેખનઃ રાજુલ કૌશિક

# શતભિષાનો પ્રભાવ - ઈસ્લામિક ધર્મ

**Yogi Astrology** ના અંક ૧૬૧માં આપ સૌનું સ્વાગત છે. મારા છેલ્લા અંકોમાં વિશ્વમાં તબાહી ઉપર ઘણીવાર લખી ચૂક્યો છું. આ તબાહી તમે જોઈ રહ્યા છો. ગ્રહો પોતાનું કાર્ય કરતા રહે છે. લાવા માટે ઘણીવાર લખ્યું હતું. આજે આજે ઈથોપીયામાં ૧૨,૦૦૦ વર્ષ જુનો શાંત લાવા જો સક્રિય થાય તો પછી પૂછવું શું? ૧૫ નવેમ્બર થી ૧૫ ડિસેમ્બર સુધી ગોચર વૃશ્ચિક રાશીમાં સૂર્ય-મંગળની યુતિ હોવાથી જમીનની અંદર લાવા, ધરતીકંપ, આગ, પાણીમાં આગ, પ્લેનમાં આગ, ઈન્ટરનેટમાં પ્રોબ્લેમ આ બધી ઘટના બની ચૂકી છે. ૨૦૨૫ માર્ચથી શનિ-નેપ્ચ્યુનની યુતિ થઈ ત્યારથી પાણીની તબાહી ચાલુ છે. હાલ શનિ માર્ગી થઈ ફરીથી નેપ્ચ્યુન નજીક આવશે તેમ ફરીથી વરસાદ ભારે સ્નો, ભારે ઠંડી જેવી અવિશ્વસનીય ઘટના થતી જોવા મળશે.

મારા લેખ મુજબ નીચેની ઘટના બની છે.

૧. શ્રીલંકા, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, સ્પેન (૨૫૦ વ્યક્તિના પાણીથી મૃત્યુ) હવે ભારતમાં કેરલા, બંગાળ, ગુજરાત, મહારાષ્ટ્ર તથા અન્ય રાજ્યમાં પાણીથી તબાહી થઈ.

૨. હાલ ગુરુ વક્રી ૫ ડિસેમ્બર સુધી હોવાથી ઘણા દેશોમાં વિદ્રોહ થઈ રહ્યો છે. જેમાં ફિલિપીન્સ, ઈટલી, અમેરિકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ.

૩. સૂર્ય મંગળની યુતિ હોવાથી તે પણ વૃશ્ચિક રાશીમાં હોંગકોંગમાં ભીષણ આગ, યુક્રેને પાણીમાં એટેક કરીને કાર્ગોમાં આગ લગાવી, રશિયાએ ભીષણ બૉંબમારો કરીને યુક્રેનમાં જ્યાં જોવા ત્યાં આગ, અમેરિકામાં કેલીફોર્નીયામાં ગોળીબાર, વ્હાઈટ હાઉસ ઉપર ગોળીબાર, કેનેડામાં ઘણી શૂટ-આઉટની ઘટના બની છે. હવે શનિ-નેપ્ચ્યુનથી હજુ ભારે વરસાદ, હેરીકેન, સાયક્લોન જેવી ઘટના ડિસેમ્બરમાં પણ થતી જોવા મળશે. દુનિયામાં ઠંડી, સ્નો પણ વધશે. પાછલા અંકમાં રાહુ શતભિષા નક્ષત્ર ઉપર લખ્યું હતું. હાલ પાકિસ્તાનમાં અફવાનું વાતાવરણ ઘણું ગરમ છે. શતભિષા ભ્રમ ફેલાવે છે. સાચું-ખોટું ખબર નથી. શતભિષા નક્ષત્ર જ્યારે રાહુ સાથે આવ્યો ત્યારે-ત્યારે પાકિસ્તાનમાં નેતાની હત્યા થઈ છે. મારા પાછલા અંકમાં લખ્યું હતું. આથી આવનાર સમય પાકિસ્તાન માટે ખતરાની ઘંટી છે. જ્યારે પણ રાહુ અથવા કેતુ શતભિષા નક્ષત્રમાં આવે ત્યારે પાકિસ્તાન અને ઈસ્લામિક જગતમાં કંઈ થતું જોવા મળે છે. આવનાર સમય ઈસ્લામિક દેશો માટે ખરાબ સમય રહેનાર છે. ૧૯૫૧માં રાહુ શતભિષામાં આવ્યો ત્યારે લીયાક્ત અલીખાન વડાપ્રધાનને મારી નાંખવામાં આવ્યો. ત્યારબાદ ૧૮ વર્ષ બાદ ફરીથી રાહુ ૧૯૭૦માં આવે ત્યારે મુઝીબર રહેમાન બહુમતી મળવા છતાં સત્તા ગુમાવી તે સમયે બાંગ્લાદેશમાં વિદ્રોહ થવાથી પાકિસ્તાનના બે ટુકડા થયા. ત્યારબાદ ફરીથી ૧૮ વર્ષ પછી ૧૯૮૮માં શતભિષા નક્ષત્રમાં આવે ત્યારે ઝિયાઉલ હકને ફાંસી આપી. ત્યારબાદ ૧૮ વર્ષ પછી ૨૦૦૭માં રાહુ ફરીથી શતભિષામાં આવતા બેનઝીર ભુટ્ટોને મારી નાંખવામાં આવી. આ સમય પાકિસ્તાનમાં મિલિટરી શાસન આવ્યું. મુસરફફે **Constitution** બદલી નાખ્યું. ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ રાહુ ફરીથી શતભિષા નક્ષત્રમાં આવતા પાકિસ્તાનમાં ફરીથી કંઈ થશે તેમાં ઈમરાન ખાન ઉપર સવાલ છે? (તેને ખાવામાં ઝેર, ફાંસી અથવા કોઈ રીતે મારવાની ઘટના બને તો તેમાં નવાઈ નથી). આથી રાહુ શતભિષામાં ૨ ઓગસ્ટ ૨૦૨૬ સુધી રહેશે, ત્યાં સુધીમાં પાકિસ્તાનના ટુકડા, મુનીર, નવાબનું નામ ખલાસ થઈ જશે. આવી રીતે બાંગ્લાદેશમાં આવું બનશે. ઈસ્લામિકના ૫૬ દેશો ઉપર ખતરો શરૂ થઈ ગયો છે.

કેતુ જ્યારે શતભિષા નક્ષત્રમાં ૧૯૭૯માં આવ્યો હતો ત્યારે બેનઝીરના પિતા ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ફાંસી આપી હતી. બાબરનું મૃત્યુ થયું ત્યારે પણ રાહુ શતભિષામાં હતો, ત્યારે રાહુ કુંભમાં મે-૧૫૦૨ શતભિષા નક્ષત્રમાં હતો. ત્યારબાદ ફરીથી ૧૫૦૩ ડિસેમ્બરમાં રાહુ શતભિષામાં આવ્યો ત્યારે બાબરનું મૃત્યુ થયું હતું. શતભિષાનો અર્થ એક હ્રૈષ્ઠરીથિાય છે. કસાઈ એટલે ઈસ્લામિક દેશો, આથી આ નક્ષત્રમાં ઘણા ઈસ્લામિક દેશોમાં હલચલ જોવા મળશે. આજકાલ અફવા ચાલી રહી છે કે ઈમરાનને મારી નાંખવામાં આવ્યો છે એ સાચું-ખોટુ ખબર નથી, પરંતુ આ નક્ષત્રમાં કોઈ મોટી વ્યક્તિએ જવું જ પડશે તેમાં કોઈપણ હોઈ શકે.

જ્યારે-જ્યારે રાહુ શતભિષામાં આવે ત્યારે વિશ્વમાં બદલાવ જોવા મળ્યો છે. આ નક્ષત્રથી ટેક્નોલોજીમાં ઉન્નતિ કરી છે. મેડિકલમાં નવી-નવી શોધ થઈ છે. પહેલી **HIV** ની દવાની શોધ ૧૯૮૭ની આસપાસ થઈ હતી. આમ રાહુ શતભિષામાં આવે ત્યારે જ્યારે વ્યક્તિ કંઈ નવું કરવાનું વિચારે તો જરૂરથી સફળતા મળે છે. આની સાથે લોકો ટેક્નોલોજીનો ખોટો ઉપયોગ કરીને ખોટું કરતા જોવા મળશે. લોકોની માનસિકતા બદલાશે. આ સમય દરમ્યાન લોકોમાં ડિપ્રેશનનું પ્રમાણ વધારે જોવા મળશે. છૈં માં નવી ટેક્નોલૉજી જોવા મળશે. ૨૦૨૬માં ટેક્નોલોજીની વિશ્વમાં દોડ લાગશે. મેડિકલમાં નવી શોધ થશે. મોટી બીમારી, મોટી સર્જરીમાં ઘણું પરિવર્તન થતું જોવા મળશે. આ સમય દરમ્યાન વિશ્વ દરેક સીક્રેટ એજન્સી ઘણી એક્ટિવ રહેશે.

આ સમય દરમ્યાન ધર્મ ઉપર સંકટ થતું જોવા મળશે. આવનાર સમય દરમ્યાન ભારતમાં મુસ્લિમ ધર્મગુરુ દ્વારા ખોટા શબ્દથી અથવા અફવાથી મુશ્કેલી ઊભી થઈ શકે આથી આ સમય દરમ્યાન દરેક ધર્મના લોકોએ સંયમ રાખવો પડશે. આવનાર સમય દરમ્યાન પાણી આસપાસ રહેવા માટે સારો સમય નથી. ૨૩ નવેમ્બર પછી પાણીથી ઘણા દેશોમાં તબાહી થઈ છે. આ દેશોમાં પાણીથી થતી બીમારી જોવા પણ મળશે. આ સમય દરમ્યાન શરદી, કફ, થાઈરોડ, મલેરિયા એવા ઘણા રોગ થતા જોવા મળશે. આવનાર સમયમાં ઈન્ટરનેટ સેવા બંધ થતી જોવા મળશે. હાલ ટેકનિકલ પ્રોબ્લેમથી ૬,૦૦૦ વિમાન એક વીક સુધી બંધ થયા છે. આ સમય સાયબરથી બેંક લૂંટવામાં આવશે. આ સમય દરમ્યાન પ્લેનને હાઈજેક કરવામાં આવશે. આ સમય દરમ્યાન ભારતે પાડોશી ઈસ્લામિક દેશોથી સાચવવું પડશે. દિવાળી ઉપર લખ્યું હતું કે મોદી માટે આવનાર સમય ઘણો ભારી છે. આ વાત શત પ્રતિશત સત્ય થઈ રહી છે. આ નક્ષત્રથી પાણીમાં તથા પાણી ઉપર તબાહી બતાવે છે. હાલ કાલા સાગરમાં યુક્રેન ડ્રોનથી હુમલો કરીને બે જહાજમાં આગ લગાવી. આવી ઘટના થતી જોવા મળશે. ૪ ડિસેમ્બરે ગુરુ કર્કમાંથી મિથુનમાં જઈ રહ્યો છે. આ ઉપરાંત સૂર્ય-મંગળ વૃશ્ચિક રાશીમાં હોવાથી વિશ્વ ઉપર હજુ કંઈ ને કંઈ થતું જોવા મળશે. જેમાં આતંકવાદ, લાવા, વિદ્રોહ, હેરીકોન, સાયક્લોન, ધરતીકંપ, સ્તુનામી, પાણીથી નુકસાન વિશ્વના નેતા, પ્લેનક્રેશ જેવી ઘટના હજુ બનતી જોવા મળશે. **Yogi Astrology** મુલાકાત લઈ તમારી મુશ્કેલી દૂર કરવા જરૂર મારો સંપર્ક કરશો. મારો ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ (કેનેડા) યોગ્ય પૂજા કરીને તમારા ગ્રહો નિવારણ કરી આપીશું. જન્મકુંડલી બનાવી આપીશું. **www.yogiastrology.ca** ઉપર જશો.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું